R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 09 DATE: 03-03-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## આઇએનએક્સ મીડીયાને લાભ મહોચાડવાના કેસમાં કાર્તિ ચિદમ્બરમની સીબીઆઇએ ધરપકડ કરી

ભુતપુર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિની મની સીબીઆઈએ મની લોન્ડરીંગ કેસમાં બ્રિટનથી પરત ફરતાં ચેન્નાઈ હવાઈ મથકેથી ધરપકડ કરી લીધી હતી.આઈએનએક્સ મીડીયાને ફાયદો કરાવવાના કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈના અધિકારીઓ કાર્તિની ધરપકડ કરીને ડોમેસ્ટીક ફલાઈટમાં દિલ્હી લઈ ગયા હતા. જ્યાં તેમને વિશેષ અદાલતમાં હાજર કરાયા હતા.હવે તેમની જામીન અંગેની સુનાવણી થશે.

સીબીઆઈએ કિર્તીને અનેક વાર પુછપરછ માટે સમન્સ આપ્યા હતા પરંતુ તેમણે વિવિધ અદાલતોમાંથી આ સમન્સ પર સ્ટે મેળવ્યા હતા. જો તેમને અદાલતોએ સ્ટે આપીને રાહત બક્ષી હોય તો સીબીઆઈએ કોર્ટોના આદેશોનો આદર કરવો જોઈએ.પરંતુ તેમ થયું નથી.

આઈએનએક્સ મીડીયાને વર્ષ ૨૦૦૭માં વિદેશી સીધા રોકાણ અંતગર્ત ૩૦૫ કરોડ રુપીયા મેળવી આપવા માટે કીર્તીએ તે સમયે દેશના નાણાંમંત્રી એવા તેમના પિતા પી. ચિદમ્બરમની વગનો ઉપયોગ કર્યો હતો. અને આ ફંડ મેળવી આપવા માટે કિર્તીને રુ.૧૦લાખ મળ્યા હતા તેવો સીબીઆઈએ આરોપ મુક્યો છે.વળી ટેક્સ મામલે તાપસ ટાળવા માટે આઈએનએક્સ મીડીયાએ પણ કીર્તીને નાણાં આપ્યા હોવાનો આરોપ છે.

કીર્તીની ધરપકડ અંગેની સુચના તેમના પરિવારજનોને કરી દેવામાં આવી હતી.સીબીઆઈએ દાવો કર્યો છે કે તેમની પાસે કિર્તી સામે મજબુત પુરાવા છે. જો કે તેમણે વધારે માહીતી આપવાનો ઈન્કાર કર્યો હતો.કિર્તીની ધરપકડ તેના સી.એ.એસ. ભાસ્કરમનની ઈડીએ ધરપકડ કરી તેના બીજા દિવસે કરવામાં આવી હતી. કોગ્રેસ પાર્ટીએ કીર્તીની ધરપકડને મોદી સરકારને બીજે ધ્યાન દારવા માટેની યુક્તિ ગણાવીને ટીકા કરી હતી.ભાજપે કહ્યુ કે આ કેસમાં કાયદો કાયદાનું કામ કરશે.જો કે કિર્તી વિદેશમાં નાશી ગયા નહોતા તેઓ તો આ દેશમાં પરત આવી રહ્યા હતા. તેમજ તેમની સામે જે આરોપો ઘડી કાઢવામાં આવ્યા છે તેમાં દસ લાખ રુપીયાનો ફાયદો લીધો છે તેવા આરોપો છે.સરકાર રાયનો પહાડ બનાવવામાં ઉસ્તાદ છે તે આ કિસ્સા પરથી દેખાઈ આવે છે.સીબીઆઈનું કહેવું છે કે કિર્તી હાજર થતાં નથી પરંતુ તેઓ કોર્ટોમાંથી સ્ટે મેળવી લે છે. તો એ એક કાનુની પ્રક્રિયા જ છે.મોટી ચોરી કરનારા વિદેશ ભાગી ગયા છે અને તેની ખબર અંતર પણ લેવાતી નથી.મિલક્તો સીલ કરી દેવાથી જતી રહેલી મુડી કેવી રીતે પાછી આવશે તેનો હિસાબ સરકારે આપવો જોઈએ.હાથી જતા રહે અને નાના ચુહા પકડીને સરકાર દેશની જનતાને શું પાઠ ભણાવવા માંગે છે.

## એચ-૧બી વિઝા મેળવવા માટે કંપનીઓએ સાબિત કરવું પડશે કે આ વિશેષ પ્રકારના કામ માટેના જ વિઝા છે

એચ-૧ બી વિઝા મેળવવા માટે ભારતીયોને માટે અઘરુ સાબિત થશે. ટ્રમ્પ વહિવટીતંત્રએ ફરી એક વાર ભારતને નિશાન બનાવતાં અને એચ -૧ બી વિઝા નીતિ વધુ આકરી બનાવી છે.વ્હાઉટ હાઉસે સાત પાનાની એચ -૧બી વિઝા નીતિ જાહેર કરી છે. જેને કારણે એક કે તેથી વધુ થર્ડ પાર્ટી વર્કસાઈટ્સ ખાતે કામ કરતાં પ્રોફેશનલ્સની તકલીફ વધી જશે.ભારતીય આઈટી કંપનીઓ અને તેના કર્મચારીઓ પર તેની મોટાપાયે વિપરીત અસર પડશે.નવી નીતિનો તાત્કાલિક અમલ શરુ થઈ જશે.આથી બીજી એપ્રિલથી એચ-૧બી વિઝા માટે અરજી કરવાની સીઝન શરુ થશે તેમાં ત લાગુ પડશે.ટ્રમ્પની નવી એચ ૧બી વીઝા નીતિ અંતગર્ત ભારત સહિતના કોઈપણ દેશની કંપનીઓને તેના એચ ૧બી કર્મચારીઓ થર્ડ પાર્ટી વર્કસાઈટ પર ચોક્કસ પ્રકારનું એસાઈન્ટમેન્ટ કરી રહ્યા છે તે સાબિત કરવા માટે વધારે મહેનત કરવી પડશે.અમેરિકન વર્કસ જે કેટલીક વિશેષ કામગીરી માટે ઉપલબ્ધ નથી તેવા કામ માટે એચ ૧બી પ્રોગ્રામ અંતગર્ત હાઈલી સ્કિલ્ડ(અત્યંત કુશળતા ધરાવતા) વિદેશી પ્રોફેશનલ્સને અમેરિકામાં કામ કરવાની મંજુરી આપવામાં આવે છે.

એચ ૧બી વિઝા કાર્યક્રમનો ભારતીય આઈટી કંપનીઓ સૌથી વધારે લાભ લે છે.અને તેના કર્મચારીઓ મોટાપાયે થર્ડ પાર્ટી વર્કસાઈટ પર કામ કરતા હોય છે.અમેરિકાની બેન્કીંગ,ટ્રાવેલ્સ અને કોમર્શીયલ સર્વીસીઝ ક્ષેત્રની અનેક કંપનીઓ તેમની કામગીરી માટે ભારતીય આઈટી પ્રોફેશનલ્સને આ વિઝા અંતગર્ત કામ આપતી હોય છે.

નવી નીતિ અંતગર્ત અમેરિકન સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીઝ હવે થર્ડ પાર્ટી વર્કસાઈટ પર જેટલા સમય માટેનું કામ છે તેટલા સમયગાળા માટે જ કર્મચારીને એચ ૧બી વિઝા ઈશ્યુ કરશે.ઘણી વાર અમેરિકન કંપનીઓ ઓચિંતા જ એચ ૧બી કોન્ટ્રેકટ્ રદ કરી દે છે જેને કારણે કર્મચારીને થોડા સમય માટે બેરોજગારી બની જાય છે.આઈટી ક્ષેત્રમાં આ ગાળો ઓન બેન્ચ કહેવાય છે.આ દરમિયાન તેમની એચ ૧બી વિઝાનો દરજ્જો યથાવત રહે છે.પણ તેમને પગાર ચુકવાતો નથી.જે યુએસસીઆઈએસના મતે ગેરકાયદેસર છે. હવેથી જો આવું થશે તો તેવા કિસ્સામાં એક્સટેન્શન મળવું વધારે મુશ્કેલ બની જશે.કારણ કે કર્મચારીએ દર્શાવવું પડશે કે અગાઉના સમગ્ર સમયગાળા દરમિયાન કંપનીને તેની જરુરીયાત હતી.આ સિઝનમાં ૧ ઓક્ટો.૨૦૧૮થી શરુ થતાં વર્ષ માટે વિઝા ઈસ્યુ કરવામાં આવશે.

થર્ડ પાર્ટી વર્કસાઈટ માટે એચ ૧ બી વિઝા મંજુર કરાવવા માટે અરજદાર કંપનીએ એવો મજબુત પુરાવો આપવાનો રહેશે કે જે કર્મચારીને આ માટે પસંદ કરાયા છે તેનું કામ સ્પેશીયલ્ટી ઓક્યુપેશનનુ છે અને તે ચોક્કસ સમય દરમિયાન કર્મચારી કંપની સબાંધ જાળવશે.કંપનીએ પણ એ ખાતરી આપવાની રહેશે કે થર્ડ પાર્ટી સાઈટ ખાતે કાર્યરત જે તે કર્મચારી જ્યાં સુધી રહેશે ત્યાં સુધી વિશેષ પ્રકારનું જ કામ કરે છે.સામાન્ય કામ નહીં કરે.

ટ્રમ્પ વહીવટી તંત્રે એચ ૧બી વિઝા માટે નવી કડક નીતિની જાહેરાત કરતાં તેની ભારતીયો પર વધુ અસર પડશે.નવી નીતિને પગલે એક કે વધુ થર્ડ પાર્ટી કામના સ્થળો માટે નોકરીમાં રાખવા માટે એચ ૧બી વિઝા ઈશ્યુ કરવાની પ્રક્રિયાને વધુ કડક બનાવવામા આવી છે.જેને કારણે ભારતીય કંપનીઓ અને તેમના કામદારો પર ભારે અસર પડશે.નવી નીતિ હેઠળ નોકરીદાતા કંપનીઓએ સાબિત કરવું પડશે કે થર્ડ પાર્ટી વર્કપ્લેસ પર ખાસ કામગીરી માટે કામદારને રોજગાર આપવામાં આવ્યો છે.એચ ૧બી વિઝા કાર્યક્રમ હેઠળ કંપનીઓ જે ક્ષેત્રમાં ક્વોલીફાઈડ અમેરિકી કામદારની અછત હોય તેવા ક્ષેત્રમાં ઉચ્ચ કૌશલ્ય ધરાવતા વિદેશી વ્યવસાયીને કામ આપવા હંગામી સમય માટે અમેરિકી વિઝા આપવામાં આવે છે.

ભારતીય આઈટી કંપનીઓ અત્યાર સુધી એચ ૧બી વિઝાનો મહત્તમ ઉપયોગ કરતી હતી.આ ભારતીય કંપનીઓ થર્ડ પાર્ટી વર્કસાઈટ ખાતે સારીએવી સંખ્યામાં પોતાના કર્મચારીઓ તહેનાત કરવા માટે વિઝાનો ઉપયોગ કરતી હતી.પરંતુ હવે બહાર પડાયેલ નવી નીતિ મુજબ અમેરિકી સીટીઝન એન્ડ ઈમીગ્રેશન સર્વીસીઝને એવી સત્તા હાંસલ થશે કે થર્ડ પાર્ટી વર્કસાઈટ ખાતે તે કામદારને કામ કરવાનું હોય તે સમય મર્યાદા માટે કામદારને એચ ૧બી વિઝા ઈશ્યુ કરવામાં આવશે.તેને પરિણામે ત્રણવર્ષથી ઓછી મુદત માટે એચ ૧બી વિઝા આપવાના રહેશે.તેને પગલે ત્રણ વર્ષની મુદત માટે એચ ૧બી વિઝા આપવાની પરંપરા પણ બદલાશે.

## બોલિવુડની અભિનેત્રી શ્રીદેવીનું દુબઇમાં નિધન થયા બાદ તેની આખરી વિદાયમાં મુંબઇ ઉમટ્યું

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી ચાંદની અને હવાઈગર્લ શ્રી દેવીનું દુબઈ ખાતે નિધન થયું.પ્રાથમિક અહેવાલો મુજબ બાથરુમમાં પગ લપસતાં થઈ અને સાથે હાર્ટ એટેકે તેમનો જીવ લઈ લીધો.તેઓ તેમની નણંદના પુત્રમાં હાજરી આપવા દુબઈ ગયા હતા.તેમના નિધને મીડીયાએ દર્શાવેલા આક્રમક સમાચારોએ ભારે કુતુહલ પેદા કર્યુ હતું. પરંતુ દુબઈ સત્તાવાળાઓએ તેમની તમામ તપાસનો રિપોર્ટ જારી કરીને તેમનો મૃતદેહ તેમના સગા સબંધીઓને સુપ્રત કર્યો હતો.જાણીતા ઊદ્યોગપતિ અનિલ અંબાણીના પ્રાઈવેટ જેટમાં તેમનો નશ્વર દેહ મુંબઈ ખાતે અંતિમ વિધિ માટે લાવવામાં આવ્યો હતો.જુહુના પરમહંસ મુક્તિધા ખાતે તેમના અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. રાજ્ય સન્માન દ્વારા તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.તેમના અનેક ચાહકોએ અશ્રુભિની આંખોથી તેમની દિલની ધડકન અને ચહીતી અભિનેત્રીને આખરી વિદાય આપી હતી.

જો કે શ્રીદેવીની ૫૪ વર્ષની ઉમર આમ જોતાં ઘણી નાની કહેવાય તેમજ તેઓ પોતાના સ્વાસ્થ માટે જાગૃત હતા. તેમજ તેમના પરિવારમાં તેમના દિયર અને અભિનેતા સંજય કપુરે જણાવ્યુ હતું કે આ સમાચારથી અમારા પરિવરાને મોટો આઘાત લાગ્યો છે.આટલા વર્ષમાં તેમણે ક્યારેય હ્રદયને લગતી કોઈ બિમારી અંગે કશુ જણાવ્યુ જ નહોતું.તેઓ ખુબજ સ્વસ્થ હતા.તેઓ કાર્ડિયો એક્સાઈઝ પર કરતા હતા.અને દરરોજ બે કલાક ચાલતા હતા.સ્વાસ્થ બાબતે તેઓ સૌથી વધારે ગંભીર અને સજાગ હતા તેમને હાર્ટ એટેક આવશે તેવી કલ્પના પણ કરી શકાય તેમ નથી.

તેઓ પ્રથમ મહિલા સુપર સ્ટાર હતા.૨૦૧૩માં તેમને પદ્મશ્રીનો ઈલ્કાબ એનાયત કરવામાં આવ્યો હતો. આખરે કોઈની કલ્પના બહાર સદાબહાર અભિનેત્રી શ્રીદેવી હંમેશ ના માટે વિદાય લઈ ગઈ.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પાણી મળવું મુશ્કેલ થઈ જાય તો પણ આ પરિસ્થિતિ માટે વિચારવાની કોઈ ફુરસદ રાજ્યના નાગરિકોમાં જોવા મળતી નથી.લગભગ માર્ચ મહિનાની શરુઆતથી પાણીની ફાળવણીમાં કાપ મુકાવાનો શરુ થયો છે. સૌરાષ્ટ્ર કચ્છ અને સાઉથ ગુજરાતમાં પાણીના કકળાટના મંડાણ શરુ થઈ ગયા છે.સિંચાઈ માટે પાણી મળશે નહી એવું સ્પષ્ટ થઈ ગયું છે. જ્યારે રાજ્યના નાગરિકોને પીવાના પાણીનો પુરવઠો કેવી રીતે ફાળવવો તે અંગે તંત્રે સાવધ રીતે વિચારવાનું છે.સુરત માટે પીવાના પાણી માટે મોટી સમસ્યા ઉભી થઈ રહેલી છે.પાણી શુધ્ધ મળશે કે કેમ તે અંગે પણ પ્રશ્ન છે.પાણીના સ્તર નીચે જતાં રહેતાં પીવાનું પાણી પીળા કલરનું આવશે તેવું મનાઈ રહ્યુ છે.

આવી પરિસ્થિતિ હોવા છતાં સરકારે જાગૃતતા દાખવી નથી.કારણકે તહેવારોને કારણે ભારે પાણીનો બગાડ થઈ રહ્યો છે.પહેલાં તો થોડાક પાણીના છંટકાવથી હોળી રમાતી હતી હવે ટેન્કરોના ટેન્કરો પાણી લાવી તેનો છંટકાવ કરીને પાણીનો બગાડ કરવામાં આવે છે.અને જાગૃતિ માટે મથતા કેટલાક સેવાભાવી કાર્યકરોને પાણી બચાવ ઝુંબેશમાં ભારે અપમાનિત થવું પડ્યુ છે.કેટલાક સત્તારુઢ પક્ષના નેતાઓ,રાજકીય કાર્યકર્તાઓ,ધાર્મિક આગેવાનો પણ આ બાબતમાં રસ દાખવતા નથી અને પાણી બગાડને રોકવામાં એક શબ્દ ઉચ્ચારતા નથી.દેશના નાગરિકોના મહત્વના પ્રશ્ન માટે લોક જાગૃતિ માટે તેમની ફરજ તેઓ અદા કરતા નથી તે એક મોટી નબળાઈ છે.દિવસે દિવસે ધર્માંધતાનો નશો ખુબજ પ્રમાણમાં વધી રહ્યો છે અને તેના કારણે સભ્યતા,શિસ્ત અને સમય વિગેરે તુટી રહ્યા છે.છતાં તેનો કોઈને અફસોસ થતો નથી.પાંચ પચીસ લોકોની મનોવૃત્તિ કે રાક્ષસી મનોરંજનને પુરુ થવા દેવા માટે કોઈ ક શું કહેવા તૈયાર નથી.

આપણે ક્યા યુગમાં પ્રવેશી રહ્યા છીએ.જ્યાં સંસ્કાર,શિસ્ત,બુધ્ધિમત્તા વિગેરેને પડતી મુકવામાં આવી રહીછે.આવનારી પેઢીને આપણે શું આપી રહ્યા છીએ.દેશની સ્વતંત્રતાને સ્વચ્છંદતામા પરિવર્તિત થતી જોઈ રહ્યા છે અને તેના માટે લેશ માત્ર કશું કરી નહી શકવાની આપણી લાચારીને માણી રહ્યા છીએ.આવું કેમ બન્યું ? આ બનવા પાછળ ક્યા કારણો જવાબદાર છે. તેનું વિષ્લેશણ કરવાની જરુર છે.કેટલાક રાજકીય પક્ષોએ સત્તા મેળવી લેવા માટે અજમાવેલા કેટલાક નુસખાઓ આપણને નડી રહ્યા છે.સત્તા પર બેઠા પછી તેમના કાવાદાવાઓથી તેઓ સત્તા પર બેસવાને લાયક નથી એવું પ્રતિત નથી થઈ રહ્યું ?

## કાંચી કોટિ પીઠમના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતી બ્રહ્મલીન થયા

કાંચી મઠ પરંપરાને આગળ ધપાવનાર આધ્યાત્મિક પુરુષ જયેન્દ્ર સરસ્વતીની વિદાય થઈ.તેઓ ૮૩ વર્ષના હતા.કાંચીપુરમમાં મઠની નજીક આવેલી હોસ્પીટલમાં તેમની ચાલતી સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું.કાંચી મઠના મેનેજર શંકરારામનની હત્યાના આરોપસર ૧૧ નવેમ્બર ૨૦૦૪ના રોજ જયેન્દ્ર સરસ્વતીની ધરપકડ કરાઈ હતી. તે સમયે રાજ્યમાં જયલલિતાની સરકાર હતી.એક સમય એવો હતો કે જયલલિતા શંકરાચાર્યને પોતાના આદ્યાત્મિક ગુરુ માનતા હતા.જો કોર્ટ પાછળથી તેમને આ આરોપોમાંથી છોડી મુક્યા હતા.

શંકરાચાર્ય જયેન્દ્ સરસ્વતીનો જન્મ ૧૮ જુલાઈ,૧૯૩૫ના રોજ તામિલનાડુંના મન્નારગુડી નજકી આવેલ ઈરુલનીકી ખાતે થયો હતો. તેમનું સાંસરિક નામ સુબ્રમણ્યમ મહાદેવ ઐયર હતું. ૬૮માં શંકરાચાર્ય ચંદ્રશેખર સરસ્વતીએ સુબ્રમણ્યમને ૨૨ માર્ચ ૧૯૫૪ના રોજ કાંચી મઠના પીઠાધિપતિ તરીકે બેસાડ્યા હતા. અને જયેન્દ્ર સરસ્વતી નામ આપ્યું હતું.

તેમના નિધનથી એક આધ્યાત્મિક અને સત્ય બોલનાર વ્યક્તિની ખોટ પડશે.તેમણે જ્યારે જ્યારે દેશને જરુર પડી છે ત્યારે દિશાસુચક નિર્ણયો બતાવ્યા છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૭)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૮૧ | બી.ટેક.ઈન ઈલેક્ટ્રી.એન્જી.એન્ડ.ટેકનો. | ૧૨-૭-૯૦ | ૨૮,૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૮૨ | બીએસસી વીથ બીઝનેસ મેનેજ.(કેનેડા) | ૪-૧૨-૮૭ | ૧૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૩ | બીઈ.આઈટી,એમબીએ.(માર્કેટીંગ) | ૨૨-૨-૮૮ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૪ | મા,ડીગ્રી,એમ.એચ.આર.એમ.બી.એસ.ડબલ્યુ. | ૫-૧૧-૮૯ | ૨૩૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૫ | એમએ.બી.એડ.એલએલબી.ડીએલપી | ૨૭-૪-૮૨ | ૯૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૮૬ | જી.એન.એમ નર્સીંગ ૩ ૧/૨વર્ષ | ૮-૭-૮૮ | ૩૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૭ | બીસીએ.(પોલેન્ડ) | ૨૧-૨-૮૭ | ૭૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૪૮૮ | માસ્ટર ઈન કોમ્પ્યુટર સાયન્સ | ૨૦-૧૧-૯૧ | ૧૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૮૯ | બીસીએ,એમએસડબલ્યુ. | ૨૦-૭-૮૮ | ૨૦૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૯૦ | બીએ(ઈગ્લીંસ)એમએસડબલ્યુ | ૧૫-૬-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૯૧ | માસ્ટર ઓફ સાયંસ | ૮-૧૨-૮૫ | ૪૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૯૨ | પીજી કોમ્પ્યુટર સાયંસ | ૧૬--૩-૮૬ | ૩ લાખ. | આર.સી. | કુંવારા |
| ૪૯૩ | ડીપ્લો.મીકે.ટુલ એન્ડ ડીઝા. | ૨૬-૮-૮૫ | ૫૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૦૪ | એમકોમ.એમએડ | ૮-૭-૮૩ | ૩૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૦૫ | બીકોમ.ઈકોનો.કોમ્પ્યુ. એમ.એસ. | ૧૪-૬-૮૯ | ૧૬૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૮૦૬ | આઈટીઆઈ ઈલેક્ટ્રીશ્યન એન્ડ કોમ્પ્યુ.કોર્સ | ૩-૧૧-૮૦ | ૧૨૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૮૦૭ | બીકોમ.બીપીએડ | ૨-૨-૮૪ | ૧૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૦૮ | ૧૨ પાસ (કોમ્પ્યુટર) | ૨૪-૩-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૦૯ | એમએસ.ઓફી.લેબ.ટેકની. | ૧૮-૧૦-૮૬ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૦ | પીટીસી.એમએ વીથ ઈગ્લીંસ | ૧૨-૫-૮૬ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૧ | પીટીસી.બીએ.બીએડ( અંગ્રેજી) | ૨૪-૭-૮૪ | ૧૯૯૫૦ | મેથો. | કુંવારા |
| ૩૩૦ | બીએસસી.આઈટી(અમેરીકા) | ૨૬-૧૧-૬૩ | ૪૦૦૦ડોલર | મેથો. | છુટાછેડા |
| ૩૧૫ | ૧૨ પાસ કોમ્પ્યુટર કોર્ષ | ૧૨-૩-૮૮ | ૧૨૦૦૦ | આઈ.પી. | વિધુર |
| ૩૧૬ | ૧૨ પાસ.આઈટીઆઈ | ૩૦-૭-૭૫ | ૧૫૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૩૧૭ | ૧૦ પાસ | ૨૬-૧૧-૮૬ | ૨૩૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૧૮ | એમબીબીએસ.એમડી.પીડીયાટ્રીશ્યન | ૧૩-૩-૮૩ | ૧ લાખ | સા,આર્મી. | છુટાછેડા |
| ૩૧૯ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૫-૧૧-૮૭ | ૪૦૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |

### ★ યુવતીઓ (૪૭) ★

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૪૮૮ | જી.એન.એમ. ૩ ૧/૨ વર્ષ નર્સીંગ | ૨૨-૭-૮૪ | ૨૫૫૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૪૮૯ | ૧૨પાસ,પેરામેડીકલ(૪વર્ષ ઓટી) | ૩૦-૯-૯૬ | - | આર.સી. | કુંવારી |
| ૪૯૦ | કેમી.એન્જી.માસ્ટર ડીગ્રી ચાલુ .ઓસ્ટ્રેલીયા | ૨૫-૭-૯૪ | - | મેથો | કુંવારી |
| ૪૯૧ | બીઈ(આઈટી)એમ.ઈ. કોમ્પ્યુ.સાયંસ | ૪-૫-૮૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૨ | જીએનએમ. ૩ ૧/૨ વર્ષ નસીંગ | ૨૨-૨-૮૭ | ૩૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૩ | એમસીએ | ૬-૮-૮૪ | ૧૭૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૪૯૪ | જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફ | ૬-૬-૭૭ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૫ | માસ્ટર ઈન સોશ્યલ વર્ક(ઈગ્લીસ મીડીયમ) | ૧-૭-૯૦ | ૧૦૦૦૦ | એસેમ્બલી | કુંવારી |
| ૪૯૬ | જીએનએમ ૩ ૧/૨ નર્સીંગ | ૫-૧૦-૮૪ | ૧૬૦૦૦ | મેથો. | કુંવારી |
| ૪૯૭ | બીસીએ.એમબીએ | ૨૨-૧-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૪૯૮ | એમએ.એમબીએ ચાલુ | ૫-૮-૮૯ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૯૯ | માસ્ટર ડીગ્રી.ફીઝીકલ થેરાપીસ્ટ (અમેરીકા) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારી |
| ૫૦૦ | બીટેક( ડેરી ટેકનો.)માસ્ટર ફુડ પ્રોસે.ટેકનો. | ૯-૭-૮૮ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૦૫ | બીએ. જીએનએમ. નર્સીંગ ૩ ૧/૨વર્ષ નર્સીંગ | ૧-૫-૮૩ | ૧૨૦૦૦ | બેરશેબા | કુંવારી |
| ૩૮૯ | બીટેક.કોમ્પ્યુ.સાયંસ એન્ડ એન્જી. | ૧૫-૪-૮૮ | - | આર.સી. | કુંવારી |
| ૪૦૮ | બીકોમ.(ઈગ્લીસ મીડી.)એડ.ઈન્ફો.ટેકનો.ડાયા.ટેક. | ૨૪-૭-૮૧ | ૧૪૫૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૪૧૨ | બીએસસી.બીએડ.એમએસસી. | ૧૪-૫-૮૦ | ૩૫૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૫૩૨ | બી,કોમ. | ૧-૭-૮૧ | ૧૧૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૩ | બીકોમ.બીએડ.એમકોમ.એમએડ.પીજીડીસીએ. | ૫-૭-૮૧ | ૧૫૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૫૩૪ | બીએ. સાઈકોલોજી. | ૨૩-૨-૮૦ | ૧૨૦૦૦ | અલાયન્સ | કુંવારી |
| ૫૩૫ | એમએ.બીએડ | ૨૭-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૫૨૫ | એમએબીએડ | ૫-૧૨-૮૬ | ૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૪૬૩ | એમ.એ. | ૧૪-૪-૮૭ | - | આર.સી. | કુંવારી |
| ૧૯૫ | એસએસસી.પાસ નર્સીંગ કોર્ષ | ૩-૯-૭૯ | ૧૬૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૯૬ | બીકોમ. કોમ્પ્યુટર નોલેજ | ૪-૧૧-૮૩ | - | મેથો. | છુટાછેડા |
| ૧૯૭ | એમએ બીએડ.(અર્થશાસ્ત્ર) | ૨-૭-૮૭ | ૧૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૯૮ | જીએનએમ ૩ ૧/૨વર્ષ નસીંગ | ૨૫-૯-૮૬ | ૧૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં સીબીઆઇની પુરતી મદદ મળતી નથી : હાઇકોર્ટ

બોમ્બે હાઈકોર્ટે સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં સુનાવણી શરુ કર્યાને બે સપ્તાહ પછી કહ્યુ હતું કે સીબીઆઈ પુરતી મદદ કરવામાં નિષ્ફળ ગઈ છે.જેને કારણે સમગ્ર કેસ વિશે અસ્પષ્ટતા જ છે. જસ્ટીસ રેવતી મોહીત-ડરેએ કહ્યુ હતું કે જે પોલીસ અધિકારીઓને છોડી મુકવામાં આવ્યા છે તેમની વિરુધ્ધ પ્રથમ દષ્ટ્રિએ પુરાવા સહિતના તમામ પુરાવાઓ રજુ કરવામાં સીબીઆઈ નિષ્ફળ ગઈ છે.તેને કારણે આ તમામને કેસમાંથી ડિસચાર્જ કરવા કે કેમ તેનું મુલ્યાંકન જ થઈ શકે તેમ નથી.કોર્ટે હવે સીબીઆઈને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪ હેઠળ નોધાયેલા સાક્ષીઓના નિવેદનોની વિગતો રજુ કરવા આદેશ કર્યો છે.

સીબીઆઈ હવે આ કેસમાં વિગતો નહીં આપીને કોર્ટમાં પુરાવા રજુ નહીં કરે અને પરિણામે ભાજપના નેતા વિરુધ્ધનો સજ્જડ કેસ કોર્ટે કાઢી નાંખવાની કતાર પર આવી જશે.ખરેખર જ્યારે આ કેસને ચલાવવામાં જેને રસ હતો તેવા જજ હવે કેસમાંથી તેમના અવસાનથી દુર થઈ ગયા છે. તેથી હવે કોર્ટમાં રાજકારણીઓને સજા થાય કે સાબિત થાય કે આ કામ તેઓનું છે તે હવે શક્ય બનશે જ નહીં.

# દેશમાં ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે અને ભારતીય અબજોપતિઓની સંપત્તિમાં જબરજસ્ત વધારો જોવા મળ્યો છે : ઓક્સફાર્મ

ઓક્સફાર્મ ઈન્ડીયાએ જાહેર કરેલા એક રીપોર્ટમાં કહ્યુ છે કે ભારતમાં છેલ્લા ત્રણ દાયકામાં અસમાનતા વધી છે. અને તેને કારણે દેશના અબજોપતિઓની સંપતિ દેશના કુલ જીડીપીના ૧૫ ટકા થઈ ગઈ છે.એક પછી એક સરકારોની અસંતુલિત નીતિને કારણે આમ થયું છે.છેલ્લા પાંચ વર્ષમાં જ આ ધનવાનની સંપત્તિ જીડીપીના ૧૦ ટકાથી ૧૫ ટકા થઈ ગઈ છે.૨૦૧૭માં ભારતમાં ૧૦૧ અબજોપતિ હતા. રિપોર્ટ મુજબ દેશના સૌથી ધનવાન લોકોએ ક્રોની કેપીટાલીઝમ અને વારસામાં મળેલી સંપત્તિથી વધુ ને વધુ સંપત્તિ ભેગી કરી લીધી છે. બીજી તરફ ગરીબો વધુ ને વધુ ગરીબ થયા છે.૧૯૯૧માં ઉદારીકરણ દરમિયાન કરાયેલા સુધારા અને ત્યાર પછી સરકારોએ નીતિગત રીતે લીધેલા પગલાંને કારણે આમ થયું છે.

વધતું જતું અંતર : ભારત અસમાનતા રિપોર્ટ ૨૦૧૮ શીર્ષક સાથે રજુ કરાયેલા આ અહેવાલ મુજબ ચોક્કસ નીતિ અંતગર્ત શ્રમ કરતાં વધારે મુડીની તરફેણ કરવામાં આવી અને અનસ્કિલ્ડ લેબર કરતાં વધારે સ્કિલ્ડની તરફેણ કરાઈ તેને કારણે આમ થયું છે.

ઓક્સફાર્મે ગયા મહિને વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠક વખતે જ એક રિપોર્ટ રજુ કર્યો હતો. જેમાં પણ કહેવાયું હતું કે ભારતના એક ટકા ધનિકો ગત વર્ષે એકત્ર કરવામાં આવેલી સંપત્તિનો ૭૩ ટકા હિસ્સો આંચકી ગયા છે.ગત વર્ષે ઉભી કરાયેલી ૮૨ ટકા સંપત્તિ માત્ર એક ટકા લોકો પાસે જ ગઈ હતી.જ્યારે વસતિના સૌથી ગરીબ અડધોઅડધ વસતિ એટલેકે ૩.૭ અબજ લોકોની સંપત્તિમાં કોઈ જ વધારો નોધાયો નહતો..

ગત વર્ષે સેમાં જણાવાયું હતું કે ભારતના એક ટકા ધનિકો પાસે દેશની કુલ સંપત્તિનો ૫૮ ટકા હિસ્સો છે જે આશરે ૫૦ ટકાના વૈશ્વિક આંકડાથી ઉંચો છે. આ વર્ષના સર્વેમાં પણ જણાવાયું છે કે ભારતના એક ટકા ધનિકોની સંપત્તિમાં ૨૦૧૭માં ૨૦.૯ લાખ કરોડ રુપીયાનો વધારો થયો હતો.જે વર્ષ ૨૦૧૭-૧૮ ના સરકારના બજેટ જેટલું છે તેમ ઓક્સફાર્મે જણાવ્યુ હતું.

ભારતમાં ગ્રામ્ય ભારતમાં લઘુત્તમ પગાર ધરાવતાં કામદારને ટોચની ભારતીય ગાર્મેન્ટ કંપનીના ટોચના અધિકારીઓ જેટલી કમાણી કરવી હોય તો તે માટે તેમને ૯૪૧ વર્ષો સુધી કામ કરવા પડે છે. જે દેશમાં આર્થિક અસમાનતાની ચાડી ખાય છે તેમ અભ્યાસમાં ઉમેરાયું છે.અમેરિકામાં આ સ્થિતિ એકદમ અલગ છે. ત્યાં એક સીઈઓને એક સામાન્ય કામદારના એક વર્ષ જેટલી કમાણી કરવા માટે એક દિવસથી સહેજ વધુ સમય લાગે છે.તેમ રિપોર્ટમાં જણાવાયું છે.૧૦ દેશોમાં ૭૦,૦૦૦થી વધુ લોકોના વૈશ્વિક સર્વેના પરિણામોનો ઉલ્લેખ કરતાં ઓક્સફોર્મમાં ઉમેરાયું છે કે આર્થિક અસમાનતાને દુર કરવા માટે આ પગલું લેવાની જરુર છે.આશરે બે-તૃતીયાંશ લોકો માને છે કે ગરીબ અને ધનિક વચ્ચેનું અંતર તત્કાલ ઘટાડવાની જરુર છે.

જો કે છેલ્લા એક દાયકામાં અતિ ધનિકોની સંખ્યા કુદકે અને ભુસકે વધી ગઈ છે.

# બેન્કોને ડુબાડનારાઓની અને જેમની એનપીએ મોટી છે તેમના નામ ગુપ્ત રાખવા માંગે ત્યારે દેશને સરકાર મહાસત્તા કેવી રીતે બનાવશે ? : શિવસેના

પંજાબ નેશનલ બેન્કમાં થયેલા કૌભાંડ બાબતે શિવસેનાએ તેના મુખપત્ર સામનાના અગ્રલેખ પ્રકાશિત કરી સરકારની ટીકા કરતાં જણાવ્યુ હતું કે દેશની સર્વોચ્ચ અદાલતે બેન્કને ડુબાડનારાઓની અને જેમની એનપીએ મોટી છે તેમના નામની યાદી જાહેર કરવા માટે વારંવાર જણાવ્યુ હોવા છતાં સરકાર અને બન્કો હજી સુધી તેમને ડુબાડનારા લેણદારોના નામ ગુપ્ત રાખવાનો આગ્રહ રાખે છે તે સત્ય છે.

શિવસેનાએ સામનામાં અગ્રલેખમાં જણાવ્યુ છે કે છેલ્લા થોડા વર્ષોથી ભારત ટુંક સમયમાં આર્થિક મહાસત્તા બનશે તેવું સુંદર સ્પપ્ર દેશવાસીઓને સતત બતાવવામાં આવે છે.પરંતુ આ સ્વપ્ર સાકાર ક્યારે થશે તે શુભદિન ક્યારે ઉગશે તેનું મુહુર્ત કહેવા માટે કોઈ તૈયાર નથી.જે દેશના બેન્કીંગ સેકટરમાં ૭.૩૪ લાખકરોડ રુપીયાની નોન પર્ફોમીંગ એસેટ એટલે કે એનપીએ બોલતી હોય તે દેશ આર્થિક મહાસત્તા કેવી રીતે બની શકશે તેવો સવાલ શિવસેનાએ કર્યો છે.છેલ્લા ચાર દિવસથી પ્રકાશિત થયેલા બેન્ક કૌભાંડોના સમાચાર વાંચતા અને એનપીએને કારણે બેન્કોની કથળેલી સ્થિતિ જોતાં આર્થિક મહાસત્તાનું બિરુદ આપણા માટે હાસ્યાસ્પદ લાગવા માંડયુ છે. નીરવ મોદીના બેન્ક લુંટ પ્રકરણ બાદ રોજ જે નવા નવા ગોટાળાની વિગતો બહાર આવી રહી છે તે જોતાં આપણો દેશ આર્થિક મહાસત્તા નહીં, પણ આર્થિક ગોટાળાઓની મહાસત્તા બનવાની દિશામાં પ્રવાસ કરી રહ્યો છે. તેવી શંકા દેશવાસીઓના મનમાં જાગે તો તે ખોટી છે એમ કહી શકાય તેમ નથી.

પંજાબ નેશનલ બેન્કના રુ.૧૧૩૦૦ કરોડના મહાકૌભાંડમાં થી સરકાર પોતાના હાથ ખસેડી લેવા પ્રયત્નશીલ છે. નાણાંમંત્રીએ જણાવ્યુ



હતું કે બેન્કોના કર્મચારીઓએ કરેલું આ કૌભાંડ છે.કેટલાક સરકારી નેતાઓ જેમને આ બાબતે સબંધ નથી તેઓ પોતાના વિચારો જણાવીને સરકારનો બચાવ કરવા મંડી પડ્યા છે.નીરવ મોદીના વકીલ આ કૌભાંડ જ નથી તેવી અટકળો ચલાવી રહ્યા છે. વકીલો આખા કેશને ઉંધી દિશામાં લઈ જવા પ્રયત્નશીલ છે.ભાજપ સરકાર પણ આ બાબતે મૌન સેવી રહ્યું છે.

## ગરવી નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

### માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)

| | |
|---|---|
| ૧.પ્રકાશન સ્થળ | :૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૨.પ્રકાશનની સામાયિકતા | : સાપ્તાહિક |
| ૩.માલિક,મુદ્રક,પ્રકાશક | : રોબિન જે. ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |
| ૪.તંત્રીનુ નામ | : પ્રશાંત આર.ધોળકીયા |
| નાગરીકતા | : ભારતીય |
| સરનામુ | : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭ |

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૩-૩-૨૦૧૮ રોબિન જે.ધોળકીયા

સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in




વિનંતી
તમારી
પ્રાર્થનામાં
અમારી
સેવાઓને
ખાસ યાદ
રાખશો.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# મેઘાલયમાં બહુમતી ખ્રિસ્તી મતદારોને રીઝવવા માટે ભાજપ ખ્રિસ્તી વિરોધી નથી તેવો પ્રચાર કરીને વડાપ્રધાને સત્તા પરિવર્તન માટે અપીલ કરી



ખ્રિસ્તીઓની બહુમતી ધરાવતા મેઘાલયમાં ગારો હિલ્સ ખાતે ફુલબારીમાં ચુંટણી સભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે ભાજપ ધર્મ અને જાતિના રાજકારણમાં માનતો નથી. આમ કહીને તેમણે ભાજપ ખ્રિસ્તી વિરોધી છે તેવા ભયને દુર કરવા પ્રયત્ન કર્યો હતો.મોદીએ કહ્યુ કે ત્રાસવાદે આજકાલ આખા વિશ્વ માટે ખતરો સર્જ્યો છે.ભાજપ સત્તા પર આવ્યા પછી આખા વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે.ઇરાકમાં આઇએસઆઇએસ દ્વારા બંધક બનાવાયેલી કેરળની ૪૬ નર્સોને છોડાવને સલામત ભારત લાવવામાં આવી તેનું મોદીએ આ વખતે ઉદાહરણ આપ્યુ હતું.મેઘાલયમાં રાજકીય હરીફો દ્વારા ભાજપ ખ્રિસ્તી વિરોધી છે તેવો પ્રચાર કરવામાં આવી રહ્યો છે તેનો મોદીએ વિરોધ કર્યો હતો.

મોદી કહ્યુ કે અફઘાનિસ્તાનમાં શાંતિનો ઇશ્વરનો સંદેશો ફેલાવનાર ફાધર એલકિસસ પ્રેમ કુમારનું આતંકીઓ અપહરણ કરી ગયા ત્યારે તેમને ૧૪ મહિના પછી સરકાર સલામત રીતે ભારત લાવવામાં આવ્યા હતા. આવી જ રીતે અફઘાન ચર્ચમાં કામ કરતાં પશ્ચિમ બંગાળના મહિલા જ્યુડીથ ડીસોઝાને પણ એક મહિના પછી સલામત રીતે ભારત લાવવામાં આવ્યા હતા.

નાગાલેન્ડમાં ચુંટણી પ્રચાર માટે પહોચેલા વડાપ્રધાન મોદીએ તુએનસાંગ ખાતે આયોજિત રેલીને સંબોધન કરતાં કહ્યુ હતું કે પુર્વોત્તર ભારત માટે મારુ વિઝન છે. ટ્રાન્સફોર્મેશન બાય ટાર્નસ્પોર્ટેશન. નાગાલેન્ડની સાથે સાથે ઇએનપીઓ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપીશું.મોદીએ જણાવ્યુ હતું કે નાગાલેન્ડ એક મજબુત અને સ્થિર સરકાર ઇચ્છે છે.અમે ન્યુ ઇન્ડીયાની સાથે ન્યુ નાગાલેન્ડનું સપનું પણ સાકાર કરીશું.પુર્વોત્તર રાજ્યોની પ્રશંસા કરતાં વડાપ્રધાને જણાવ્યુ હતું કે આ રાજ્યોના વિકાસ વિના ભારતનો વિકાસ શક્ય નથી. તેથી કેન્દ્ર સરકાર વિશેષ રીતે પુર્વોત્તર રાજ્યો માટે તૈયાર કરાયેલ અષ્ટ લક્ષ્મી યોજના પર ધ્યાન આપી રહી છે.

મોદીએ મેઘાલયમાં પરિવર્તન માટે ભાજપને મત આપવાની લોકોને અપીલ કરી હતી. ભાજપ સબકા સાથ સબકા વિકાસમાં માને છે. મેઘાલયને વિકાસ માટે જંગી રકમ આપ્યા છતાં આજ સુધી તે અવિકસિત રહ્યુ છે. અહી ભાગ્યેજ કોઇ રસ્તા સારા છે તો પછી સહાયના પૈસા બધા ક્યાં ગયા તેવો પ્રશ્ન મોદીએ પુછ્યો હતો.જો કે ખ્રિસ્તીઓ લાગણીઓ સાથે ભાજપની લાગણીઓ જોડવા વડાપ્રધાને પ્રયત્ન કર્યો હતો.પરંતુ ભાજપે સત્તાપર આવ્યા બાદ દેશમાં લઘુમતી અને ખાસ કરીને ખ્રિસ્તી પર થયેલા અત્યાચારો બાબતે બોલવાનું ટાળ્યું હતું.

જો કે દેશભરમાં એનડીએ સત્તા પર આવ્યા બાદમાં ખ્રિસ્તીઓ પર હિદુત્વ કટ્ટરવાદીઓ દ્વારા અનેક હિંસક હુમલાઓ થયા છે. ચર્ચો અને ખ્રિસ્તીઓની શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ પર હિચકારા હુમલાઓ થયા છે. પરંતુ જ્યારે મત માંગવાની વાત આવે છે ત્યારે તેની નેતાગીરી મગરના આંસુ સારી પોતે સર્વધર્મસમભાવની વાતો કરે છે તે હવે જગ જાહેર થઇ ગયું છે.વિદેશોમાં પણ આ બાબતે ચર્ચાઓ થઇ રહી છે અને ધાર્મિક કટ્ટરતાવાદ દ્વારા દેશ વિદેશોમાં થતા હુમલાઓ અંગેના રિપોર્ટોમાં ભારતનું નામ ગવાઇ ગયું છે ત્યારે વડાપ્રધાન પોતે ખ્રિસ્તી વિરોધી નથી એવી વાત ચલાવી રહ્યા છે.

# રાજ્યમાં બે વર્ષમાં ધર્મપરિવર્તનની ૪૫૩ અરજીઓ,૧૭૧ને મંજુરી અપાઇ

રાજ્યમાં ધર્મ પરિવર્તનની છેલ્લા બે વર્ષમાં ૪૫૩ અરજીઓ વિવિધ જિલ્લામાંથી વહીવટી તંત્રને મળી હોવાનું ગૃહ વિભાગે વિધાનસભામાં જણાવ્યુ હતું. જેમાંથી ૧૭૧ લોકોને ધર્મ પરિવર્તન માટે મંજુરી આપવામાં આવી છે.સૌથી વધુ અરજીઓ બનાસકાંઠા જિલ્લામાંથી ૧૯૪ની આવી હતી.તેમાંથી ફક્ત બે અરજીને મંજુરી અપાઇ હતી. સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૫૫ અરજીઓ આવી હતી.તે તમામને મંજરી આપી દેવાઇ હતી.

મહીસાગર, ગીર-સોમનાથ, પાટણ, નર્મદા,ડાંગ, નવસારી અને તાપીમાંથી એક પણ અરજી આવી નહતી.કોગ્રેસના ધારાસભ્યો દ્વારા વિધાનસભામાં જિલ્લાદીઠ ધર્મ પરિવર્તન માટે કરાયેલી અરજી અંગે સવાલ પુછવામાં આવ્યા હતા.કોગ્રેસ દ્વારા જણાવાયું છે કે જે રીતે ધર્મ પરિવર્તન માટેની અરજીના આંકડા બહાર આવી રહ્યા છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્યના દરેક ધર્મના લોકો પોતાના ધર્મમાં શ્રધ્ધા રાખે તેવું વાતાવરણ રાજ્ય સરકાર દ્વારા ઊભુ થયું નથી. હિંદુ ધર્મમાંથી ૪૧૯ અરજીઓ અને મુસ્લીમ ધર્મમાંથી ધર્મ પરિવર્તન માટે ૩૦ અરજીઓ આવી છે.

# કેનેરા બેન્કનો ૫૧૫ કરોડનું કૌભાડ બહાર આવ્યું

પીએનબી કૌભાંડની અસરો અન્ય બેન્કો પર પણ જોવા મળી છે. અને વધુ કૌભાંડો બહાર આવી રહ્યા છે.હવે કોલકોત્તા સ્થિત આર.પી.ઇન્ફોસીસનું ૫૧૫ કરોડનું કૌભાંડ બહાર આવ્યું ચે. આ કંપનીએ કેનેરા બેન્કને ચુનો લગાવ્યો છે.બેન્કે જ સીબીઆઇને આ કંપની સામે પગલાં લેવા માટે ફરિયાદ કરી છે. કેનેરા બેન્કના ડેપ્યુટી જનરલ મેનેજર ડીપી પ્રસાદે કરેલી ફરિયાદ મુજબ આર.પીઇન્ફોસીસના ડિરેકટરોએ કેનેરા બેન્ક અને અન્ય નવ બેન્કોના કોન્સોર્ટયમ પાસેથી મેળવેલી લોન ની ચુકવણી કરી નથી.અને ફ્રોડ કર્યો છે.


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૯૮૯૫. ૯૭૧૪૫૧૮૩૬૭

## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.